પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૬૬ | ૭ ડિસેમ્બર, ૨૦૧૭, ગુરૂવાર ; માગસર વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રાજ્યમાં ૮૯ બેઠકો પર આજથી પ્રચારનો અંત

**૯મી તારીખે પ્રથમ તબક્કામાં મતદાન થશે : પ્રથમ તબક્કામાં દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્ર, કચ્છના ૧૯ જિલ્લાઓને આવરી લેતી ૮૯ સીટ ઉપર ૯૭૭ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં**

અમદાવાદ, તા.૬

રાજય વિધાનસભાની બે તબકકામાં યોજાનારી ચૂંટણીના પહેલા તબકકામાં ૧૯ જિલ્લામાં સમાવિષ્ટ ૮૯ બેઠકો માટેના પ્રચાર પડઘમ આવતીકાલ ગુરૂવાર સાંજથી શાંત થઈ જશે.બાદમાં ઉમેદવારો માત્ર ડોર ટુ ડોર પ્રચાર કરી શકશે.રાજય વિધાનસભાની આ પહેલી ચૂંટણી છે કે જયારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સીધી હાજરી વગર આ ચૂંટણી યોજાઈ રહી છે આ પરિસ્થિતિમાં જયાં એક તરફ વડાપ્રધાને પોતે તેમના પક્ષ ભાજપને ૧૫૦ થી વધુ બેઠકો પર વિજયી બનાવવાના ઉદ્દેશ્ય સાથે પ્રચારકાર્ય માટે ગુજરાતની વિવિધ સ્થળોએ જાહેરસભાઓ કરી હતી ત્યાં બીજી તરફ કોંગ્રેસ તરફથી ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સહિતના નેતાઓ ઉમટી પડયા હતા.શનિવારે જે ૮૯ બેઠકો ઉપર મતદાન પ્રક્રીયા હાથ ધરવામા આવનાર છે એમાં દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને

● અનુસંધાન પાન-૫ પર







## ન્યુઝ ટ્રેક

**લંડનના મેયર જલિયાવાલ બાગની મુલાકાતે**

લંડનના મેયર સાદિકખાન અમૃતસરની મુલાકાત લઈ જલિયાવાલબાગ પહોંચ્યા હતા. અહીં તેઓએ ૧૯૧૯માં થયેલા જલિયાવાલા હત્યાકાંડ મામલે બ્રિટિશ સરકારે માફી માગવી જોઈએ તેમ કહી મૃતકોને શ્રદ્ધાંજલિ આપી હતી.

**વિશ્વ વિરાસતની યાદીમાં તાજમહલ બીજા ક્રમે**

પ્રતિષ્ઠિત તાજમહલનો યુનેસ્કોએ વિશ્વ વિરાસત સ્થળોની યાદીમાં બીજા ક્રમે સ્થાન આપ્યુ છે.

# ઓખીની આફત ટળી

**દરિયાકાંઠાના વિસ્તારોમાં વરસાદ : ભારે દહેશત વચ્ચે વાવાઝોડું સુરતથી ૨૦૦ કિમીના અંતરે વિખેરાયુ**
**ડિપ ડિપ્રેશનના સ્વરૂપમાં વાવાઝોડું હોવાના કારણે ગુજરાતભરમાં હજુ પણ બે દિવસ સુધી વરસાદ રહેશે**

અમદાવાદ,તા. ૬

તમિળનાડુ અને કેરળમાં ભારે તબાહી કર્યા બાદ ગુજરાત પર તોળાઈ રહેલુ ઓખી વાવાઝોડાનુ સંકટ આજે ટળી જતા તંત્રને મોટી રાહત થઈ છે. ઓખી વાવાઝોડુ દરિયામાં સમાઈ ગયુ છે. તેની ઘાત ટળી ગઈ છે. સુરતથી આશરે ૨૦૦ કિલોમીટરના અંતરે ઓખી વિખેરાઈ જતા તંત્રને રાહત થઈ છે. જો કે તેની અસર હેઠળ હજુ ગુજરાતના જુદા જુદા ભાગોમાં વરસાદ થઈ રહ્યો છે. ભારે વરસાદની આગાહી અકબંધ રાખવામાં આવી છે. સાથે સાથે માછીમારોને દરિયામાં ન જવા માટે ચેતવણી પણ અકબંધ રાખવામાં આવી છે. વાવાઝોડાના કારણે પવનની ગતિ પણ વધારે હતી. વાવાઝોડુ ડીપ ડિપ્રેશનના સ્વરૂપમાં હોવાથી રાજ્યમાં હજુ પણ બે દિવસ સુધી વરસાદ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ગુજરાતમાં ૧૧૫ વર્ષમાં પ્રથમ વખત ડિસેમ્બરના મહિનામાં વરસાદ થયો છે. વાવાઝોડાનની સ્થિતીને પહોંચી વળવા તમામ પગલા લેવામાં આવ્યા હતા. સંભવિત તમામ પરિસ્થિતિને પહોંચી વળવા સજજ એવા વહીવટી તંત્ર દ્વારા લોકોને સલામત અને સાવચેત કરવામાં આવ્યા હતા. ખાસ ઝૂંબેશ હાથ ધરીને ૧૩,૦૦૦થી વધુ બોટ સાથે માછીમારોને લાવવામા સફળતા મળી હતી..આગામી બે દિવસમાં કેટલાક વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદ થવાની સંભાવના પણ વ્યકત કરવામા આવી છે.દરમિયાન તંત્ર દ્વારા કુલ મળીને ૮૯૦ પરિવારોના ૩,૩૬૦ લોકોને સલામત સ્થળે ખસેડવામા આવી ચુક્યા છે.

આ સાથે જ એનડીઆરએફની ૬ જેટલી ટુકડી તૈનાત કરવામા આવી હતી. બીજી તરફ આ વાવાઝોડાની અમદાવાદ ઉપર થનારી સંભવિત અસરને પહોંચી વળવા માટે થઈને અમદાવાદ મ્યુનિસિપલ ફાયરબ્રિગેડને એલર્ટ કરવામા આવ્યુ હતુ.

# રેપો-રિવર્સ રેપોરેટ યથાવત

**જીડીપી ગ્રોથનો અંદાજિત દર પણ ૬.૭ ટકા ઉપર યથાવત રાખવાનો નિર્ણય લેવાયો : ૨૦૧૮માં જીડીપી ૬.૭ ટકા થઇ શકે છે : આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષાના પરિણામ જાહેર**

મુંબઈ, તા. ૬

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષા આજે જારી કરવામાં આવી હતી જેમાં ધારણા પ્રમાણે જ ટૂંકાગાળાના ધિરાણદર અથવા તો રેપોરેટને યથાવત છ ટકા જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત કમિટિએ કેશ રિઝર્વ રેશિયો અથવા તો સીઆરઆરને યથાવત ચાર ટકા અને રિવર્સ રેપોરેટને પણ યથાવત ૫.૭૫ ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. અલબત્ત એસએલઆરને ૧૯.૫ ટકા યથાવત રાખવામાં આવ્યો છે. પોલિસી સમીક્ષાની બેઠકમાં તમામ પાસાઓ ઉપર વિચારણા કરવામાં આવ્યા બાદ આજે પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. આરબીઆઈની એમપીસીની બેઠક ગઈકાલે શરૂ થઈ હતી. આજે પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા. બીજી બાજુ રિઝર્વ બેંકે જીડીપી ગ્રોથના અંદાજિત દરને ૬.૭ ટકા યથાવત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રિઝર્વ બેંકે નાણાંકીય વર્ષ ૨૦૧૮માં દેશના જીડીપીનો દર ૬.૭ ટકાના દરે વધવાની વાત કરી છે. રિઝર્વ બેંકે બીજા ત્રિમાસિક ગાળામાં મોંઘવારીનો દર ૪.૩ ટકાથી ૪.૬ ટકા રહેવાનો અંદાજ મુક્યો છે. નવી ક્રેડિટ પોલિસી જાહેર કરવામાં આવ્યા બાદ શેરબજારમાં ઉતારચઢાવની સ્થિતિ રહી હતી.

# દિલ્હી, ઉત્તરાખંડ અને હિમાચલમાં ભૂકંપના આંચકા

**દિલ્હી, એનસીઆર, ગુજરાતમાં અસર : રૂદ્રપ્રયાગ જિલ્લામાં ભૂકંપનું કેન્દ્ર : લોકોમાં ફરીવાર ભય**

નવીદિલ્હી, તા.૬

દિલ્હી અને એનસીઆરના વિસ્તારોમાં ઉત્તરાખંડમાં ભૂકંપ બાદ આંચકાની અસર જોવા મળી હતી. ઉત્તરાખંડમાં ૫.૫ની તીવ્રતાનો આંચકો આવ્યો હતો. ત્યારબાદ દિલ્હી અને અન્ય વિસ્તારોમાં તેની અસર જોવા મળી હતી. હવામાન વિભાગ અને ભૂકંપ સાથે સંબંધિત વિભાગે માહિતી આપતા કહ્યું છે કે, ઉત્તરાખંડના રુદ્રપ્રયાગમાં ભૂકંપનું કેન્દ્ર રહ્યું હોવાની વિગતો મળી છે. રુદ્રપ્રયાગમાં લોકોમાં દહેશત ફેલાઈ ગઈ હતી. દેશના જુદા જુદા ભાગોમાં પણ આજે આંચકાની અસર જોવા મળી હતી જેમાં ગુજરાતનો પણ સમાવેશ થાય છે.

રાજય ઉપરથી ઓખી વાવાઝોડાની આફત ટળ્યા બાદ હજુ માંડ રાહતનો શ્વાસ લોકો લઈ રહ્યા હતા ત્યાંજ આજે બપોરના સુમારે રાજકોટ ખાતે રીકટર સ્કેલ ઉપર ૩.૧ ની તીવ્રતા સાથેનો ભૂકંપનો આંચકો આવતા લોકો રસ્તા ઉપર દોડી ગયા હતા આ ઉપરાંત કચ્છના રાપરમાં પણ ભૂકંપનો આંચકો અનુભવવામાં આવ્યો હતો.આ અંગે મળતી માહિતી અનુસાર,રાજય ઉપરથી ઓખી વાવાઝોડાનું સંકટ ટળ્યાની કળ વળે એ પહેલાં જ આજે બપોરના સુમારે રાજકોટવાસીઓને વધુ એક કુદરતી ઝાટકો એ સમયે લાગ્યો કે જયારે ૩.૧ ની તીવ્રતા સાથેનો ધરતીકંપનો આંચકો અનુભવાયો હતો.આ આંચકાને પરિણામે લોકો પોતાના ઘર તેમજ ઓફિસ અને દુકાનોની બહાર દોડી આવ્યા હતા.







